## તંત્રી લેખ

# વસંત માત્ર ઋતુનું નામ નથી, માનવ સ્વભાવનો એક પ્રકાર છે

વસંત માત્ર ઋતુનું નામ નથી, માનવ સ્વભાવનો એક પ્રકાર છે. કેટલાક લોકોના સ્વભાવ પાનખર જેવા હોય છે. દીકરો કહે કે પપ્પા મને સેલ્સમાં રસ છે. ભલે નાનો પણ મારે બિઝનેસ કરવો છે. એટલે એનો પિતા કહે કે એવા કોઈ ધંધા કરવાના નથી. છાનોમનો નોકરીએ લાગી જા. આવા દીકરાઓએ આખી જિંદગી ઘરમાં જ રાજ કરતી પાનખર સાથે કામ પાડવાનું આવે છે. એની સામે ગુજરાતીઓમાં એવા પણ દાખલા છે કે પોતાનો એકનો એક ફ્લેટ વેચીને ભાડે રહેવા જઈને દીકરાને બિઝનેસ કરવા માટે પિતાએ મૂડી આપી હોય. જેના ઘરમાં વસંત હોય એની જિંદગી ધન્ય થઈ જાય છે. ન હોય તો એનો મિથ્યા અફસોસ ન કરવો, પ્રયત્ન કરવાથી અને ધીરજ ધરવાથી વસંતની પ્રાણપ્રતિષ્ઠા ઘરમાં થઈ શકે છે.

પત્નીમાં પણ વસંત અને પાનખર એવા બે પ્રકારો છે. મને લાગે છે કે પ્લોટ લઈને બંગલો બનાવીએ એમ પતિ કહે કે તુરત જ પત્ની બોલે - તમને શું ભાન પડે ? આપડે કંઈ કોન્ટ્રાક્ટર છીએ ? હવે એકવાર પાનખર સાથે જ ચાર ફેરા ફરી લીધા પછી તો વસંતના પગલા થવા અઘરા છે. પરંતુ અનેક અનામી મહાપુરુષોએ એ પડકાર ઝિલવાનો આવે છે અને તેઓ સાવ ધીમે ધીમે ઘરમાં વસંતનું અવતરણ શક્ય બનાવે છે. વસંત નવા સાહસની ઋતુ છે. યાહોમ કરવાની મોસમ છે. જેનો પ્રકૃતિ સાથે તાલમેલ હોય એને વસંત પહેલા ભીતરથી મળે છે અને બહાર તો એના માત્ર પ્રતિબિંબ હોય છે. એ તો જરા અઘરી કળા છે ને અંતઃકરણની શુદ્ધિએ જ મળે છે. પણ એની મજા એક અલગ છે.

કેટલાક લોકોના સ્વભાવમાં પાનખર ઘર કરી જાય છે. કોઈ પણ નવા આરંભે તેઓ તમને રોકે છે. એમની દલીલો એટલા પૂરતી સાચી હોય છે કે એમાં જ એમણે પસંદ કરેલી વિફળતાઓ ટાઢે કલેજે માણી હોય છે. કેટલાક એવા પણ લોકો છે જે સતત એમ કહેતા હોય છે કે ખોટા ઉત્પાત કરવાને બદલે આ શાન્તિ સારી છે. એમની શાન્તિ ખરેખર પાનખરનો પર્યાય હોય છે. જેની પાસે ગુમાવવા જેવું કશું નથી એને પાનખર પોતાના માળામાં પાળે છે. પાનખર એને હેળવે છે ને પછી ઉડતા પીળા પાંદડાની નાતમાં ભેળવે છે. પાનખર કદી કોઈને કેળવે નહિ, કારણ કે એ કામ તો વસંતનું છે. જેને કેળવાવું જ નથી કે ફૂણા પડવું જ નથી ને માત્ર જડ જ રહેવું છે તેઓ પાનખરના નકલી વારસાના અસલી દાવેદારો છે. એમનું વેરાન એમને આપી દેવું જોઈએ. વસંતધર્મીઓએ એમાં ન પડવું જોઈએ. વસંત તો ભૂલ કરવાની ને નિખાલસ હૈયે ભૂલ સ્વીકારવાની મોસમ છે. ચાલાક લોકોથી વસંત સો ગાઉ દૂર રહે છે. બોલકાઓ પાસે તો કદીકેય વસંત ફરકે છે પણ કાળમીંઢ શિલા સમા વાંકમિંઢ લોકોને તો વસંતની એક પાંદડીય ન અડે. વસંત વાઘા પહેરવામાં નહિ, સત્યરૂપે જેવા હોઈએ એવા દેખાવામાં છે. એનો અર્થ એ નથી કે વસંત ન્યૂડિસ્ટ છે, ખરેખર વસંત સત્યની પક્ષપાતી છે. આ સત્ય એટલે નવઉદઘાટિત સત્ય. જે હમણાં જ અંકુરરૂપે પ્રગટ થયું છે. જે હજુ તરોતાજા અને લીલું છે. જે સત્ય એની બહુ પ્રારંભિક અવસ્થાએ છે એને સ્વીકારવાની કળા વસંત પાસેથી શીખવાની છે અને આ એની જ તો મોસમ છે.

# જેટલો રોડ યુઝ કરશો તેટલો જ ટોલ કપાશે

## આ નવી સિસ્ટમ સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ હેઠળ સમય અને નાણાંની બચત કરી શકાશે

નાગપુર

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ટોલ ટેક્સને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ટોલ નાબૂદ કરવા જઈ રહી છે.

બુધવારે (૨૭ માર્ચ, ૨૦૨૪) મહારાષ્ટ્રના નાગપુરમાં તેમણે કહ્યું – અમે ટોલ નાબૂદ કરવા જઈ રહ્યા છીએ. હવે આ કામ સેટેલાઈટના આધારે કરવામાં આવશે. અમે સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ દ્વારા આ કરીશું.

પૈસા તમારા ખાતામાંથી સીધા જ કપાઈ જશે અને વ્યક્તિ જેટલા



કિલોમીટરની મુસાફરી કરશે તેના આધારે ચાર્જ વસૂલવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ વધુમાં દાવો કર્યો કે આ નવી સિસ્ટમ (સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ) હેઠળ સમય અને નાણાંની બચત થશે. જો કે, પહેલા મહારાષ્ટ્રના મુંબઈથી પુણે સુધીની મુસાફરીને પૂર્ણ કરવા માટે નવ કલાકનો સમય લાગતો હતો, પરંતુ હવે તે માત્ર બે કલાકમાં પૂર્ણ કરી શકાય છે.

કેન્દ્રીય મંત્રીએ અગાઉ ૧૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ કહ્યું હતું કે મોદી સરકાર આગામી પાંચ વર્ષમાં તમામ ભારતીય શહેરોમાં અને દિલ્હી-શિમલા, દિલ્હી-ચંદીગઢ તેમજ મુંબઈ-પુણે જેવા કેટલાક લાંબા રૂટ પર ઈલેક્ટ્રિક બસો શરૂ કરવાની યોજના ધરાવે છે.

અંગ્રેજી ન્યૂઝ ચેનલ એનડીટીવીને આપેલા એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે બેટરીના ભાવમાં ઘટાડાથી મુસાફરો માટે બસ ભાડામાં ૩૦% ઘટાડો થશે અને પ્રદૂષણ ઘટાડવામાં પણ મદદ મળશે.

# ભાજપે ૯૦ ટકા જેટલા ઉમેદવારો જાહેર કરી દીધા

નવી દિલ્હી

લોકસભા ચૂંટણી ઢૂંકડી છે અને ભાજપે અત્યાર સુધીમાં ૪૦૫ ઉમેદવારોના નામ પણ જાહેર કરી દીધા છે. આમ જોઈએ તો ભાજપે ૯૦ ટકા જેટલા ઉમેદવારો જાહેર કરી દીધા છે. ત્યારે નજરે ચડે છે કે આમાંથી લગભગ ૧૦૦ જેટલા સાંસદોના પત્તા કપાઈ ચૂક્યા છે. આ અગાઉ ૨૦૧૯માં પણ ભાજપની એ રણનીતિ જોવા મળી હતી અને ૯૯ સાંસદોને ફરીથી તક મળી નહતી. પરંતુ આ વખતે એવું લાગે છે કે આવા સાંસદોની સંખ્યા વધી શકે છે. યાદી જોઈએ તો અત્યાર સુધીમાં વરુણ ગાંધી, વી કે સિંહ, અનંતકુમાર હેગડે, મીનાક્ષી લેખી, સદાનંદ ગૌડા, સાધ્વી પ્રજ્ઞા ઠાકુર, રમેશ બીધૂડી, હર્ષવર્ધન, ગૌતમ ગંભીર સહિત અનેક દિગ્ગજોના નામ કપાઈ ચૂક્યા છે.

એવું માનવામાં આવી રહ્યું છે કે કોને ટિકિટ આપવી અને કાપવી તે માટે ત્રણ પોઈન્ટની રણનીતિ છે જે હેઠળ ઉમેદવાર નહીં પરંતુ પીએમ મોદી, તેમની યોજનાઓ અને ભાજપના ચૂંટણી ચિન્હ કમળ પર ફોકસ કરવાનું છે. અત્રે જણાવવાનું કે પીએમ મોદીએ પોતે ભાજપના કાર્યકર્તાઓને અપીલ કરી હતી કે આપણા ઉમેદવાર ફક્ત કમળ છે. તમામ કાર્યકરોએ મળીને કમળને જીતાડવા માટે કામ કરવાનું છે. જેનાથી સ્પષ્ટ થઈ ગયું હતું કે ભાજપનું નેતૃત્વ આ વખતે કોઈને પણ બદલી શકે છે અને કોઈને પણ ગમે ત્યાંથી ચૂંટણીના મેદાનમાં ઉતારી શકે છે. એવી પણ ચર્ચાઓ છે કે અલાહાબાદથી રીતા બહુગુણા જોશીને તક મળી શકે તેમ નથી. આ ઉપરાંત કૈસરગંજ લોકસભા સીટથી બૃજભૂષણ શરણ સિંહને પણ હટાવવામાં આવી શકે છે.

આ રણનીતિ હેઠળ ભાજપે જ્યાં એક બાજુ બંગાળના સંદેશખાલીની પીડિતાને ઉમેદવાર બનાવી છે તો બીજી બાજુ મેરઠથી રામાયણના રામ એટલેકે અરુણ ગોવિલ અને હિમાચલ પ્રદેશના મંડીથી બોલીવુડ અભિનેત્રી ચૂંટણીના મેદાનમાં છે. એક સમયે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી તરીકે ડંકો વગાડનારા શિવરાજ ચૌહાણ પણ આ વખતે વિદિશાથી લોકસભા લડી રહ્યા છે. હરિયાણામાં પૂર્વ મંત્રી મનોહરલાલ ખટ્ટર પણ કરનાલ સીટથી મેદાને છે. ભાજપના સૂત્રોનું કહેવું છે કે પાર્ટી એન્ટી ઈંક્મ્બરન્સીથી બચવા માટે ઉમેદવાર બદલવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત કેમ્પેઈનનું સંપૂર્ણ ફોકસ પીએમ મોદી, તેમની સરકાર દ્વારા બનાવવામાં આવેલી યોજનાઓ અને કમળ ચિન્હ પર છે.

આ ઉપરાંત ભાજપ અનેક એવા રાજ્યો જ્યાં પડકારભરી સ્થિતિ છે ત્યાં મંત્રીઓને મેદાનમાં ઉતારી રહી છે જે અત્યાર સુધી રાજ્યસભાના સભ્યો હતા. જેમ કે રાજીવ ચંદ્રશેખર, ધર્મેન્દ્ર પ્રધાન, ભૂપેન્દ્ર યાદવ. મોટા નેતાઓના લોકસભા લડવાથી એકબાજુ જ્યાં પાર્ટીનો માહોલ બનશે તો બીજી બાજુ કપરી બેઠકો પર જીતની શક્યતા પણ રહેશે.

એક રણનીતિ એ પણ છે કે જ્યાં સંભાવના થોડી નબળી છે ત્યાં બીજા પક્ષોના નેતાઓને ઉતારવામાં આવે. જેમ કે નવીન જિંદાલ, અશોક તંવર, જિતિન પ્રસાદ વગેરે.

# શિવમ દુબેની તોફાની ફિફ્ટીએ ધોનીનું દિલ જીત્યું

નવી દિલ્હી

ચેન્નઈ સુપર કિંગ્સે આઈપીએલ ૨૦૨૪ ની શાનદાર શરૂઆત કરતાં સતત બે મેચ પોતાના નામે કરી દીધી છે. ગુજરાત ટાઈટન્સ વિરૂદ્ધ ટીમની બીજી મેચમાં ચેન્નઈ ૬૩ રનથી મોટી જીત નોંધાવી અને પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન પર કબજો જમાવી લીધો છે.

આ મેચમાં ઘાતક બેટ્સમેન શિવમ દુબેએ શાનદાર પ્રદર્શન કરતાં ગુજરાતના બોલરોએ જોરદાર ધોલાઈ કરી. તેમણે ૨૩ બોલનો સામનો કરતાં ૫૧ રનની ફાસ્ટ ઈનિંગ રમીને ટીમના સ્કોરને ૨૦૦ને પાર પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આ ઈનિંગમાં તેમણે ચોગ્ગા ઓછા અને સિક્સર વધુ ફટકારી. હવે ધોનીનો એક વિડિયો વાયરલ થઈ રહ્યો છે. ચોથા નંબર પર બેટિંગ કરવા આવેલા શિવમ દુબેએ ૨૨ બોલમાં ફિફ્ટી ફટકારી હતી.

આ સીઝનની આ મેચ સુધીની આ બીજી સૌથી ઝડપી ફિફ્ટી પણ હતી. તેમણે પોતાની ફિફ્ટી પૂરી કરવા માટે ૫ સિક્સર ફટકારી હતી. હવે ધોનીનું એક રિએક્શન વાયરલ થઈ રહ્યું છે, જેમાં તે ડગઆઉટમાં ઊભો છે અને દુબેએ ફિફ્ટી પૂરી કર્યા પછી તાળીઓ પાડતો જોવા મળે છે.

## દેશના અનેક ભાગોમાં વરસાદ જોવા મળી શકે

# દેશભરના રાજ્યોમાં હવામાનમાં અચાનક પલટો જોવા મળી શકે છે

નવી દિલ્હી : દેશભરના રાજ્યોમાં હવામાનમાં પલટો જોવા મળી શકે છે. આજે દેશના અનેક ભાગોમાં વરસાદ જોવા મળી શકે છે. આગામી પાંચ દિવસ સુધી અનેક રાજ્યોમાં ગાજવીજ સાથે વરસાદ અને પહાડી વિસ્તારોમાં હિમવર્ષાની ગતિવિધિઓ જોવા મળી શકે છે. હવામાન વિભાગ તરફથી અપાયેલી જાણકારી મુજબ પશ્ચિમી હિમાલયી વિસ્તારોમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પહોંચ્યું છે. જેની અસરથી વરસાદ જોવા મળશે. આ ઉપરાંત ૨૯મી માર્ચે વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી રહ્યું છે જે વરસાદની ગતિવિધિઓમાં તીવ્રતા લઈને આવશે.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ આજે જમ્મુ અને કાશ્મીર, લદાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં ગાજવીજ સાથે વરસાદ અને હિમવર્ષા જોવા મળશે. જ્યારે હિમાચલ પ્રદેશ, ઉપર હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, અને ત્રિપુરાના આંતરિયાળ વિસ્તારોમાં પણ વરસાદ અને હિમવર્ષાની ગતિવિધિ જોવા મળી શકે છે. હવામાન વિભાગ તરફથી અપાયેલી જાણકારી મુજબ ૨૮મી માર્ચે હિમાચલ પ્રદેશમાં ભારે પવન ફૂંકાવવાની સાથે હિમવર્ષા જોવા મળી શકે છે.

